III/10 ૨૬૧

THE STUDENT'S GEOGRAPHICAL MIRROR

૪૪૦૨

એંગ્લોવરનાક્યુલર તેમજ વરનેક્યુલર

નિશાળોને માટે.

વિદ્યાર્થી

ભૂગોળ વિદ્યા

દર્પણ.

બનાવનાર

પ્રાંએજ સ્કુલનો એક માસ્તર.

સુરત "ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ" માં ઘેલાભાઈ

બાળકરામે છાપી.

સને ૧૮૯૦

કીમત ચાર આના.

૪૪૦૨

THE STUDENT'S GEOGRAPHICAL MIRROR

એંગ્લોવરનાકયુલર તેમજ વરનેકયુલર
નિશાળોને માટે,

વિદ્યાર્થી
ભૂગોળ વિદ્યા
દર્પણ.

બનાવનાર

ઇંગ્રેજી સ્કુલનો એક માસ્તર.

સુરત "ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ" માં ઘેલાભાઈ
બાળકરામે છાપી.

સને ૧૮૯૦

કીંમત ચાર આના.

આ પુસ્તકની માલેકી સને ૧૮૬૭ના ૨૫ માં ધારા
પ્રમાણે નોંધાવેલી છે.

પ્રસ્તાવના.

આજ કાલ વિદ્યાનો ફેલાવો થવાને લીધે જૂદા જૂદા વિષયો શીખવવામાં આવે છે, તેથી બાળ વિદ્યાર્થીઓ ઉપર મોટો બોજો થઇ પડે છે. તે સહેલું કરવાને માટે જેમ બીજા વિષયોમાં અર્થ, તરજુમા વિગેરે આપેલા હોય છે તેમ ભૂગોળ જેવો વિષય કુમળી વયના તેમજ મોટી ઉમરના છોકરાઓને નકશા સાથે શીખવવાને ઘણું કઠણ થઇ પડેલું આજ સૂધી જાણવામાં આવેલું છે. પણ તેનો સરળ રસ્તો કેમ કહાડવો કે જેથી બીજા વિષયોના પેઠેમ એ વિષય સહેલો થઇ છોકરાઓને તેમજ મેહેતાજી વગેરેનો કિંમતી વખત વધારે ન જાય ને થોડામાં સઘળો સમાવેશ થાય તથા કુમળી વયના ભણનારા વિદ્યાર્થીઓના મગજ પર સારી છાપ બેસે તેનો વિચાર કીધા પછી આ લઘુ પુસ્તક બહાર પાડવામાં આવ્યું છે.

શિક્ષક તરીકે આજ લગભગ મારા ૨૫ વરસના અનુભવ ઉપરથી આ પુસ્તકની ખરેખરી જરૂર છે એમ મને લાગવાથી લાંબો વખત મેહેનત કરી દરેક નિશાળને સુગમ પડે એવા હેતુથી જૂદી જૂદી ઇંગ્રેજી તેમજ ગુજરાતી ભૂગોળના આધારપરથી જેટલું શીખવવાનું જરૂરનું છે તેટલુંજ દરેકમાંથી સત્વ લઇ આ પુસ્તક બહાર પાડું છું, તે એવી આશાથી કે સઘળા શિક્ષકો તથા વિદ્યાર્થીઓને ઉપયોગી થઇ પડે, અને તેઓ સેહેલાઇથી લાભ લઇ શકે, એટલા હેતુથી આ નાના પુસ્તકની ઘણીજ જુજ કીંમત એટલે માત્ર ચાર આનાજ રાખી છે.

એ પુસ્તક કેટલું ઉપયોગી છે ને કેટલે દરજ્જેની ખોટ પૂરી પાડે એવું છે, એ મારે જાતે કહેવા કરતાં એકવાર એનો ઉપયોગ કરવાથી જણાશે.

નીચે લખેલાં પુસ્તકોનો આધાર આ ભુગોળ રચવામા લીધો છે.

1 સલિવાન
2 મેકે.
3 મેન્યુઅલ્સ.
4 મોર્ગન.
5 રાવ સાહેબ મહીપતરામના ભૂગોળ ભાગ બીજો, તથા બીજી પરચુરણ ભૂગોળો.

ભૂગોળ વિદ્યા એટલે પૃથ્વિના ગોળા વિષેનું વર્ણન.

પૃથ્વિની સપાટી ઉપર પાણી તથા જમીન છે, તેમાં પોણો ભાગ પાણી તથા પા ભાગ જમીન છે.

દિશા ચાર છે—ઉત્તર, દક્ષિણ, પૂર્વ અને પશ્ચિમ.

ઉત્તર—સૂર્ય ઉગે છે તેની સામાં મ્હોં કરી ઉભા રહીએ તો ડાબા હાથપરની દિશા.

દક્ષણ—જમણા હાથપરની.

પૂર્વ અથવા ઉગમણી દિશા—સૂર્ય ઉગે છે તે.

પશ્ચિમ અથવા આથમણી દિશા—સૂર્ય આથમે છે તે.

ખુણા ચાર છે—વાવ્ય, ઇશાન, અગ્નિ, નૈરૃત્ય.

વાવ્ય—ઉત્તર ને પશ્ચિમની વચમાં જે ખૂણો છે તે.

ઇશાન—ઉત્તર ને પૂર્વની વચ્ચેનો જે ખૂણો તે.

અગ્નિ—પૂર્વ ને દક્ષિણ વચ્ચેનો જે ખૂણો તે.

નૈરૃત્ય—દક્ષણ અને પશ્ચિમ વચ્ચેનો જે ખૂણો તે.

ભૂગોળ વિદ્યામાં વપરાતા શબ્દોની વ્યાખ્યા.

મહાસાગર—ખારા પાણીનો મ્હોટો ભાગ તે. જેમ હિંદી મહાસાગર.

સમુદ્ર—ખારા પાણીનો નહાનો ભાગ. જેમ કાળો સમુદ્ર.

અખાત—સમુદ્રનો ફાંટો જમીન પર લાંબો ગયેલો તે. જેમ એડનનો.

ઉપસાગર—અખાતનું મ્હો પહોળું થએલું તે.

જેમ બંગાળાનો ઉપસાગર.

સામુદ્રધુની—પાણીના મ્હોટા ભાગને સાંધનારો ન્હાનો પાણીનો ભાગ તે.

નદી—મીઠાં પાણીનો પ્રવાહ પર્વત કે સરોવરમાંથી નીકળી ઢળતી જગ્યામાં થઇ વહે છે તે. જેમ **ઓખી.**

સરોવર—પાણીનો જે ભાગ ચારે બાજૂએ જમીનથી વિંટળાયલો તે. જેમ **એરલ.**

ખાડી—દરિઆને મળતાં પહેલાં જે નદીનું મ્હો પહોળું થએલું તે. જેમ ઈંગ્લિશચાનલ.

નાળું—મીઠાં પાણીનો પ્રવાહ.

સંગમ—એ નદીનું એકઠું થવું તે. જેમ દુઆબ.

શાખા—નદીનો ફાંટો.

સંયોગીભૂમિ—એ જમીનના મ્હોટા ભાગને સાંધનારો ન્હાનો ભાગ. જેમ **સ્વેજ.**

ભરતીઓટ—સમુદ્રના પાણીનું ચઢવું ઉતરવું તે.

જમીનના ભાગોને માટે વપરાતા શબ્દોની વ્યાખ્યા વિષે.

ખંડ—જમીનના મ્હોટા ભાગો જેમાં ઘણા દેશો આવેલા હોય તે. જેમ **આફ્રિકા.**

દેશ—ઘણા પ્રાંતો એકઠા થએલા હોય તે. જેમ હિંદુસ્તાન.

પ્રાંત—ઘણા જીલ્લા તથા સંસ્થાનનો બનેલો તે.

જીલ્લા—ઘણાં પ્રગણાં એકઠાં થએલાં હોય તે.

પ્રગણું—ઘણાં ગામ એકઠાં મળી જે તાલુકો થયો હોય તે.

ગામ—જ્યાં થોડાં ઘરની વસ્તી હોય તે.

કસ્બો—જ્યાં ઘણાં ઘરની વસ્તી અને બજાર હોય છે તે.

શહેર—જ્યાં મ્હોટાં મ્હોટાં છોબંધ ઘરો તથા મ્હોટાં બજારો તથા મ્હોટો વેપાર ચાલતો હોય તેની સાથ મ્હોટા મ્હોટા સરકારી અમલદારો વગેરે રહેતા હોય તે

ઈલાકા—રાજ્ય બરોબર ચલાવવાને જે ભાગ ગવરનર સાહેબની હકુમત તળે હોય તે.

દેશીરાજ્ય—આ દેશના ખંડિઆ રાજાના મૂલકો.

એજન્સિ—ઘણા દેશી રાજ્યો મળીને થએલી તે.

સંસ્થાન—દેશી રાજાનો મૂલક.

ઊંચ પ્રદેશ—પહાડ પર જે દેશ આવેલો તે.

ઢળતો પ્રદેશ—ડુંગરની હેઠાણમાં જે દેશ આવલોતે.

ખિણુ—બે ડુંગરની વચ્ચે સાંકડી નાળ.

ખનિજ—હિરા, મોતી વગેરે ધાતુની ખાણની જગા

ડુંગર—જમીન પર જે થોડો ઉંચો ટકરો હોય છે તે

પહાડ—ઘણા ગાઉ સુધી લાંબા ગએલા તે.

પર્વત—ઘણા પહાડ એકઠા મળી ઘણા ગાઉ સુધી ઉંચા વધી લાંબાને લાંબા ગયલા તે.

જ્વાળામુખી—જે પહાડના શિખરમાંથી બળત પદાર્થો નીકળે છે તે.

અરણ્ય—જે ભાગ ઝાડોથી ભરપૂર હોય તે.

રણુ—મ્હોટું રેતાળ ને ઉજ્જડ મેદાન

દિવા દાંડી—વહાણો ખરાબા સાથે અથડાઈ ભાંગી ન જાય માટે તેપર બુરજ જેવું કરી ચેતવણી આપવા માટે માહે રાત્રે ફરતો બળતો દીવો રાખવામાં આવે છે તે.

કિનારો—દરિઆ પાસે આવેલી જગ્યા.

બંદર—નદી કે દરિઆ કાંઠે આવેલું વેપારનું મથક.

બેટ—જે જમીનનો ભાગ ચારે બાજુએ પાણીથી વિંટલાએલો તે.

દ્વિપકલ્પ—જેની ત્રણ બાજુએ પાણી અને એક બાજુએ જમીન તે.

ભૂશિર—જમીનની અણી લાંબી વધીને સમુદ્રમ ગએલી તે.

સંયોગીભૂમિ—જમીનના મ્હોટા ભાગને સાંધનારો જમીનનો નહાનો ભાગ.

દોઆબ—બે નદીની વચલો દેશ.

પંજાબ—પાંચ નદીની વચ્ચેનો મૂલક.

એશિઆનું વર્ણન.

ચતુર શિમા—ઉત્તરે ઉત્તર મહાસાગર, પૂર્વે પાસિફિક મહાસાગર, દક્ષિણે હિંદી મહાસાગર, પશ્ચિમે ભૂમધ્ય સમુદ્ર, સ્વેજની નહેર, આર્કિપેલેગો, રાતો સમુદ્ર વગેરે.

મુખ્ય ભાગો—એશિઆઈ રૂશિઆ, એશિઆની છેક ઉત્તરે, યૂરોપની પેઠે એશિઆની દક્ષિણે ત્રણ દ્વિપકલ્પનો સમાસ થએલો છે. (૧) અરબસ્તાન (૨) હિંદુસ્તાન [illegible] ચીનાઈ દ્વિપકલ્પ જેથી છેક દક્ષિણનો સાંકડો,

એશિ-

આના વચલા પ્રદેશમાં પશ્ચિમે તુર્કસ્તાન તેની જોડે એશિઆ માઈનર, આર્મીનિઆ, સીરિઆ, હોલીલેન્ડ અથવા (પાલેસ્ટાઇન) ને નૈરૂત્ય ખૂણે અરબસ્તાન, ઇરાન, અફગાનિસ્તાન. (૪) મધ્ય ભાગમાં તુર્કસ્તાન, ચીનાઈ તાર્તરી, ને પૂર્વમાં વિશાળ ને વસ્તીવાળું ચીનનું અધિરાજ્ય, ને છેક પૂર્વ કાંઠા પર જાપાન આવેલું છે.

ઉપસાગર—બંગાળાનો ઉપસાગર હિંદુસ્તાનને ફરધર ઇન્ડિઆની વચમાં છે.

સામુદ્રધુની—બાબલ માન્ડબની, અરબસ્તાન અને આફ્રિકાની વચમાં છે. **ઓર્મજ**—અરબસ્તાન, ઇરાન ને બલૂચિસ્તાનની વચમાં છે. **પાક**—હિંદુસ્તાન અને લંકાની વચ્ચે. **મલાક્કા**—એ મલાયાના દ્વિપકલ્પને સુમાત્રાની વચ્ચે છે. **સંડા**—સુમાત્રા અને જાવાની વચ્ચે. **ફારમોઝા**—ચીન ને ફારમોઝાના ટાપુની વચ્ચે. **કોરિઆ**—કોરિઆને જાપાનની વચ્ચે. **મેકેસર**—બોર્નિઓને સેલિબિસની વચ્ચે. **સાંગર**—નિફોનને યસ્સોની વચ્ચે. **લેપરૂઝ**—જાપાન અને સગેલિયનની વચ્ચે. **બહેરિંગ**—એશિઆને અમેરિકાની વચ્ચે.

દ્વીપકલ્પ—એશિઆમૈનર, અરબસ્તાન, હિંદુસ્તાન, મલાક્કા અથવા મલે, કેમ્બોડયા, કોરિયા ને કામસચાટકા.

પહાડો—હિમાલય, કવેનલુન, થાનશાન, આલ્તાઈ કોકેસસ, બેલૂરટાગ, સૂલેમાન, પૂર્વ અને પશ્ચિમ ઘાટો, ને યૂરેલીયન પર્વતની ઓળો, હિંદુકુશ વીગેર.

મુખ્ય ટાપુઓ—ઉત્તર મહાસાગરમાં [illegible] ટાપુઓ અથવા

રમાં ક્યુરાઇલ્ઝ, સગેલિયન, જાપાન, ફારમોઝા, હોંગકોંગ, હેનાન, મકાઉ. (૩) બંગાળાના ઉપસાગરમાં આન્ડામાન, નિકોબાર. (૪) હિંદી મહાસાગરમાં લક્ષદ્વીપ, માલદ્વીપ, (૫) ભૂમધ્ય સમુદ્રમાં સૈપ્રસ (ઇંગ્રેજને તાબે) રોડસ્, કોસ્, સેમો, મિટીલીની, પેટમોસ્, સિઓ, પેરિમ, એ બાબલમાંન્ડબની સામુદ્રધુની પાસે (ઇંગ્રેજને તાબે).

મુખ્ય ભૂશિરો—(૧) એશિઆની ઉત્તરમાં સેવેરો અથવા ઇશાનકેપ. (૨) પૂર્વ ભૂશિર બહેરિંગની સામુદ્રધુની પાસે. (૩) લોપાટકા એ કામસચાટકામાં છે. (૪) કેમ્બોઝા કોચીન ચીનની દક્ષિણે. (૫) નેગ્રીસ, પેગુની દક્ષિણે. રોમાનિઆ, પૂર્વ તરફ. કોમોરીન, એ હિંદુસ્તાનની દક્ષિણે. રાસલહદ, અરબસ્તાનની પૂર્વમાં. બાબા, એશિઆમૈનરની પશ્ચિમમાં.

નદીઓ—ઓબી, ઇર્ટિસ, એનિસી, લિના, આમૂર અથવા સગેલિયન, પિહીઓ, હોઆંગહો, યાંગસેક્યાંગ, યુક્યાંગ અથવા કંતાન, સાંકોઇ, મેકન, મૈનામ, સાલ્ગન, બ્રહ્મપુત્રા, ગંગા, જમના, ગોદાવરી, ક્રિષ્ણા, કાવેરી, સિંધુ, ટૈગ્રિસ, યુફ્રેટીસ, જોર્ડન, કર, આમુદરિઆ ને સિરદરિઆ ઓરાન્ટિઝ, વગેરે.

સરોવર—કાસ્પિઅન, યરલ, બલ્કાશ, કિઝીલબાશ, બૈકલ, મૃત્યુ (ડેડસી) ગેલી (પેલેસ્ટાઇનમાં) ઉરમીયા ઇરાનમાં. વાન, એશિઆઈ તુર્કીમાં. લોબનોર પૂર્વ તુર્કસ્તાનમાં. ટેગ્રીનોર, માન, રાવણહદ તિબેટમાં.

અખાતો—સિનોપનો, કાળા સમુદ્રમાં (૨) એડનનો ... અરબસ્તાનને આફ્રિકાની વચ્ચે. (૩) ઇરાન, ઓમાનની વચ્ચે.

(૪) કચ્છને ખંભાતના અખાતો હિંદુસ્તાનના વાવ્ય ખૂણા પર છે. (૫) મનારનો હિંદુસ્તાનને લંકાની વચ્ચે. (૬) માર્ટબાન, પેગુને તિનાસરિમની વચ્ચે. (૭) સિયામનો સિયામની દક્ષિણે. (૮) ટોંકીન, અનામને હેનાનના ટાપુ વચ્ચે. (૯) પિચિલીને લેઆઓટંગ, પિળા સમુદ્રના મુખ આગળ. (૧૦) તાર્તરી એસગેલિઅન અને મ્હોટા ટાપુઓની વચ્ચે. (૧૧) અનાદીર, એશિઆને અમેરિકાની વચ્ચે. (૧૨) ઓબીનો, સૈબીરિઆના વાવ્ય ખૂણામાં.

નદીઓ ક્યાંથી નીકળી કોને મળે છે—ઇર્તિસ, ઓબી, લિના, એનિસિ, એ ઉત્તર મહાસાગરને મળે છે. દક્ષિણમાંથી વહેતી નદીઓ. મેકયાંગ અથવા *કેમ્બોડીઆ ચીનાઇ સમુદ્રને મળે છે. પૂર્વમાં વહેનારી નદીઓ. આમુર, યાંગસેકયાંગ, હોઆંગહો અથવા પિળી નદી પાસિફિક મહાસાગરને મળે છે. દક્ષિણે ઇરાવતી, બ્રહ્મપુત્રા ને ગંગા બંગાળાના ઉપસાગરને મળે છે. ઓ સિંધૂ અરબી સમુદ્રને મળે છે.

મુખ્ય સમુદ્રો.

(૧) કાસ્પિઅન એ એશિઆઇ રુશિઆ, ઇરાન ને યુરોપી રશિઆની વચ્ચે છે.

(૨) કાળો સમુદ્ર વાવ્ય ખૂણે એશિઆઇ રશિઆ ને એશિઆની વચ્ચે છે.

(૩) રાતો સમુદ્ર દક્ષિણમાં અરબસ્તાન અને આફ્રિકાની વચ્ચે છે.

દુસ્તાનની વચ્ચે છે.

(૫) ચીનાઈ સમુદ્ર વાવ્ય ખૂણે ચીન અને ફિલિપાઇન ટાપુઓની વચ્ચે છે.

(૬) જાપાની સમુદ્ર, પૂર્વમાં મનચૂરિઆને જાપાની સમુદ્રની વચ્ચે છે.

(૭) પીળો સમુદ્ર ચીનને કોરિઆની વચ્ચે પૂર્વ બાજુએ.

(૮) ઓકોટ્સ્કનો, ઓકોટ્સ્કને કામસ્ચાટકાની વચ્ચે પૂર્વમાં.

(૯) કામસ્ચાટકા અથવા બહેરિંગનો સમુદ્ર, કામસ્ચાટકાની વાવ્ય ખૂણમાં.

(૧૦) કારાનો સમુદ્ર, એશિઆને નોઆઝેમ્બલાની વચ્ચે

કાળા સમુદ્ર તથા લિવેન્ટના સમુદ્રમાં પડનારી નદી ને તેપરના શેહેરો.

(૧) એશીયામાઈનરને લગતાં ઉત્તર કિનારા પર–ત્રબિઝોન્ડને સિનોપ.

(૨) કિઝિલઇર્માક પર–કેશિયારી સિવાસ પાસે.

(૩) એશિયામાઇનરના પશ્ચિમ કિનારા પર–સ્કૂટરી ને સ્મર્ના.

(૪) સિહુન—ટારસસ એડના પાસે.

(૫) ઓરાન્ટ્રિઝ—એનટિયોક ને હમા.

(૬) સિરયાનો કિનારો—ત્રિપોલી, બિરૂટ, સીડન, એકર, ગાઝા.

[illegible] ટ્રિપ્રે.

હિંદી માહસાગરમાં પડનારી નદી ને તેના પરના શાહેરો.

(૧) અરબસ્તાનને પશ્ચિમ કાંઠે—અકાબા, જિદ્દા, મક્કા, મોખા, સુએજ.

(૨) દક્ષિણ કાંઠો—ઍડન, મકાલ્લા શેહેર.

(૩) પૂર્વ કાંઠો—મસ્કત.

(૪) યુફ્રેતિસ—બસરા, હિલા અથવા બાબિલોન, ઓરફા, એરજરૂમ.

(૫) કારૂન સરોવરપર—શહુસટર.

(૬) કરક પર—કેરમાનશાહ, હમદાન, શેના.

(૭) તૈગ્રિશ પર—બગદાદ, મોસલ, ડાયરબક્રર.

(૮) સાજર પર—અલેપ્પો.

(૯) ઇરાનનો દક્ષિણ કિનારો—બુશાયર, ગોમબ્રુન.

(૧૦) ડસ્ટી—ચોબાર, કેટજ.

(૧૧) સિંધુ—કરાંચી, હેદ્રાબાદ.

(૧૨) ગંડાવા—ગંડાવાને ગેલાત.

(૧૩) સતલજ—બાવલપુરને સરહિંદ.

(૧૪) ચીનાબ—મુલતાન.

(૧૫) રાવી—લાહોર, અમૃતસર.

(૧૬) જેલમ—કાશ્મિર.

(૧૭) કાબુલ—કાબુલ.

(૧૮) લોગાર—ગિજની

(૨૩) તાપી—સુરત.

(૨૪) કોકન કિનારો—મુંબાઇ, પાનજીમ, ગોવા.

(૨૫) કાનેરા કિનારો—માંગલોર.

(૨૬) મલબાર કાંઠો—કાલિકટ, કોચિન.

(૨૭) કાવેરી—તંજોર, ત્રિચીનાપલ્લી, શ્રિંગાપટ્ટમ, મ્હેસુર

(૨૮) પનાર—બાંગલોર.

(૨૯) કોરોમાનડલ—પૉન્ડેચરી ને મદ્રાસ.

(૩૦) ક્રિષ્ણા—મછલીપટ્ટણ.

(૩૧) મૂસી—હૈદ્રાબાદ ને ગોવલકોન્ડા.

(૩૨) ગોદાવરી—ઔરંગાબાદ.

(૩૩) વાઇનગંગા—નાગપોર.

(૩૪) મહા નદી—જગનનાથ, કટક, સંબલપૂર.

(૩૫) ગંગા—કલકત્તા, પટના, બનારસ, અલ્લાહાબાદ, કાનપોર.

(૩૬) બ્રહ્મપુત્રા—બૅરમંદુ.

(૩૭) ગોમતી—લખનૌ.

(૩૮) જમના—આગ્રા ને દિલ્હી.

(૩૯) ચંબલ—જેપોર, ઇંડોર, બુંદી-કોટા.

(૪૦) કાલી નદી—મિરત.

(૪૧) રામગંગા—બરેલી ને રામપુર.

(૪૨) ગૉડ્ડે—ટારીટચુડન.

(૪૩) પૂર્વ કાંઠો—ચિતાગાંગ, આરાકાન, જીઓન્જટાઇન.

(૪૪) ઇરાવતી—રંગૂન [illegible]

(૪૫)

ન. પૂર્વે હિંદુસ્તાન. પશ્ચિમે ઇરાન.

૧. **હેરાત**—હેરાત. ૨. **કાબૂલ**—કાબૂલ, જલાલાબાદ, ગિજની. ૩. **કંદહાર**—કંદહાર. ૪. **સિસ્તાન**—દુરક. **બલ્ખ ને કુંદુઝ**—બલ્ખ ને કુંદુઝ.

પર્વત—સુલેમાન, પૂર્વમાં. હિંદુકુશ અગ્નિ ખુણામાં ને ખાઇબિરઘાટ.

નદી—કાબૂલ, સિંધુનો ફાંટો. ને હેલમંડ જે ઝૂરીન ખારા સરોવરને મળે છે.

લોક—જુદી જુદી ટોળીમાં વેહેંચાઇ ગયલા છે. ને તે ક્વચિતજ સંપીને રાજ કરે છે એ રાજા ક્રૂર ને ઝનૂની હોય છે.

બલૂચિસ્તાન.

ચતુરસિમા—ઉત્તરે અફઘાનિસ્તાન, દક્ષિણે અરબી સમુદ્ર. પૂર્વે હિંદુસ્તાન, પશ્ચિમે ઇરાન.

બલૂચિસ્તાનના સાત ભાગો તેના નામ—ખેલાત, સારાવાન, કચ્છ, ગંડાવા, ઝાલાવાન, લસ, કોહિસ્તાન, મેકરન.

લોક—સ્વતંત્ર રાજ કરે છે. ખેલાતનો ખાન ઇંગ્રેજના આશરા નીચે છે. ને તે નામનોજ છે.

એશિયાઇ તર્કી.

ચતુરસિમા—ઉત્તરે કાળો સમુદ્ર. દક્ષિણે અરબસ્તાન, ઇરાની અખાત. પૂર્વે ઈરાન, ટ્રાન્સકૉકેશિઆ. પશ્ચિમે ભૂમધ્ય સમુદ્ર.

(૧) **એશિયામાઇનર**—સમર્ના, સ્કુટરી, સિનોપ, બ્રુસા, કુટાયા, અંગોરા. (૨) **રૂમ**—સિવાસ, ટોકાટ, અ-મેશિયા. (૩) **કેરમાનિયા**—કેશિયારી, કોનીહ, કેરમાન. (૪) **એડના**—તારસસ, એડના. **મારસ**—મારસ.

સિરયા ને પાલેસ્ટાઇન.

(૧) **અલેપ્પો**—અલેપ્પો, સ્કેન્ડરૂમ, એનટોકિયા, (૨) **ત્રીપોલિ**—ત્રિપોલી, લટેકિયા. (૩) **એકર**—બિરૂટ, સિડ્ન, ટાયર ને-બ્લસ. (૪) **ડેમાસકસ**—ટેડમોર, જે-રૂસાલેમ, જાફા, ગાઝા.

આરમિન્યા અથવા કુર્દિસ્તાન.

ત્રેબિઝોન—ત્રેબિઝોન, રિઆજ, આર્ટિવન. (૨) **ઍર્જરૂમ**—ઍર્જરૂમ, એર્ઝીગગામ. (૩) **વાન**—વાન, બિ-ટલિઝ, મૂશ. **કૂર્દીસ્તાન**—અમેડિયા, એરબિલ, રૅાન-ડિઝ.

આલઝીજીરા ને ઇરાક અરબી.

(૧) **ડાયરબક્કર**—ડાયડબક્કર, ઓરફા, મોસલ (નિનવે) (૨) **બગદાદ**—બગદાદ, બસોરા, હિલા (બાબિ-લાન)

પર્વત—તૌરસ, લેબેનન, એરેરટ.

નદીઓ—યુફ્રેતિઝ, તૈથીસ, ઓરાન્ટિઝ, જૉર્ડન.

સરોવર—ગેલી, મૂલ, વાન.

ચીન.

ચતુરસિમા—ઉત્તરે સૈબિરીયા. દક્ષિણે બ્રહ્મદેશ, હિંદુસ્તાન. પૂર્વે જાપાની સમુદ્ર પીળો-પાસિફિક મહાસા-

૪૨. પશ્ચિમે સ્વતંત્ર તુર્કસ્તાન.

ચીનના ભાગો—પિચિલી—પેકિન. (૨) **શાંગટાંગ**—તિસનાનફુ. (૩) **કયાંગસૂ**—નાનકિન, શાંગહાય. (૪) **ચિકયાંગ**—હાંગચૂફુ, નિંગપો. **ફોકિન**—ફૂચૂફૂ, અમોય. (૫) **કવૈંગટન**—કંતાન, પેકિન ચીનના છેક ઇશાન ખૂણા પર પેહિયો નદી પર છે. જ્યારથી તાતર લોક રાજ કરવા લાગ્યા ત્યારથી એ રાજધાની થઇ છે. (૨) નાનકિન યાંગસેકયાંગ પર. આગળ ચીનની રાજધાની હતી. (૩) કંતાન—કંતાન નદી પર છે. **ચૂકયાંગના કાંઠા પર**

હાંગકાંગ ટાપુ ૧૮૪૩ માં બ્રિટીશને મળ્યો. મકાઉ ટાપુ એ પોર્તુગીઝને તાબે છે. બીજાં બંદરો ફૂચુ, નિંગપો, એમોય, શાંગહાય એ સઘળા પુર્વ કાંઠા પર છે. ઇ. સ. ૧૮૪૨ માં નાનકિનમાં થએલા કરાર પ્રમાણે વેપારને માટે ખૂલાં મૂકેલાં છે. યાંગસેકયાંગ પર લુચાંગ, યનાન, નાનચાંગ, કાંગશીહની રાજધાની ચાંગશાહ હંગ નદી ઉપર. ટૂંગટીંગ સરોવરની પાસે હોઆંગહો પર કિફોન, લાંચાંગ ટાયહૂન પર. ફયુહો નદી પર તિનસાન પેકિન પાસે બંદર છે. જ્યાં ચીના ને ઈગ્રેજ વચ્ચે ૧૮૫૮ માં કોલ થયલા છે. આમૂર કિરીનઉલા. સુંગારી પર સાગેલિયનઉલા, મોકડન માનચૂરિયાની રાજધાની. મંગોલિયાની રાજધાની ઉર્ગા સેલીંગા પર. અહીંયા લામાને દાટે છે. **કોરિઆની** રાજધાની કિંગટાઉ, મેમાસિન, કોબદો આગળ રશિયાને ચીન વચ્ચે વેપારનું મોટું ઠેકાણું હતું. **ઇસ્ટર્ણ તુર્કસ્તાન**ની રાજધાની કાશગર, યારકંડ, ખોતાન. એ દેશનો અમીર યાકુબબેગ મુસલમાન હતો. જેને ચીના-

ઓએ પાછળથી મારી નાંખી તેની પાસે તે દેશ લીધો

વેસ્ટર્ણ તુર્કસ્તાન—એ ભાગ ત્રણ ખાનની સરદારી નીચે છે. (૧) બોખારાનો ખાન (૨) ખાનેખિલાત (૩) ખોકનનો ખાન.

મુખ્ય શેહેરો—સમરકંદ, બોખારા, ખિવા, મર્વ, કારસિ, કુનદુઝ, ઉરગેનજ.

પર્વત—હિંદુકુશ, બેલુરતાક.

નદી—આમુર, સિહૂન, જીહૂન.

ટિબેટ.

મુખ્ય શેહેર—લાસા, ઘણી ખરી નદીઓનું મૂળ અહીંથી નીકળે છે. જેમ સતલજ, ગંગા, સાંપૂ અથવા બ્રહ્મપુત્રા, ઇરાવતી, મેકન અથવા કંબોડીયા ને યાંગસેક્યાંગ. એના બે ભાગ છે. શુદ્ધ તિબેત અથવા લાડક કે મધ્ય તિબેત ને નાનો તિબેત,

જાપાન.

જાપાન એ નિફોન, સિકોક, કિસ્સો વગેરેનો બનેલો છે. રાજધાની જેડડો, યસ્સો, નિફોનની પૂર્વમાં છે. **યાકોહામ** એ ટોકયોનું બંદર છે. નાગાસાકિ બંદર કિરસુમાં છે. કોબી બંદરને હેકોડેતયસ્સોમાં છે.

હિંદી ચીન અથવા ફર્ધર ઇંડીઆ.

ચતુરસિમા—ઉત્તરે ચીન તથા તિબેત. દક્ષિણે ચીનાઇ સમુદ્ર. પૂર્વે ચીનાઈ સમુદ્ર. પશ્ચિમે બંગાળાનો ઉપસાગર, હિંદુસ્તાન.

(૧) **બ્રિટિશ મુલક—મૂખ્ય શહેર**—આરાકાન,

પેગુ, તિનાસરિમ, સ્ટ્રેઈટ સેટલમેન્ટસ, (સામુદ્રધુની પાસેના સંસ્થાન. (૨) **બ્રહ્મદેશનું રાજ**. માંડલે, આવા અમરપૂર. (૩) **સિયામનું રાજ.** બાંકોક, યુથ્યા. (૪) **મલેનું રાજ.** પિરાક, સાંલનગોર (૫) **લેઓઝનું મુખ્ય શહેર.** લાંચાંગ. (૬) **અનામ અથવા કોચીન.** ચીન, હયુ, કેસ્સો, ટોંકીન. (૭) **કેમબોડીયા.** ફ્રેન્ચનું ખંડીયું રાજ મુખ્ય શહેર, યુડોંગ. (૮) ફ્રેન્ચકોચીન.

શાહગોન—પિનાંગ, અથવા પ્રિન્સ ઓફ વેલ્સન ટાપુઓ મલેદ્વીપકલ્પની પશ્ચિમમાં છે. એનું મુખ્ય શહેર. જોર્જટાઉન—પિનાંગના સામાં કાંઠા ઉપર વેલેસ્લી પ્રાંત.—મલેદ્વીપકલ્પની અગનિ ખૂણે મલાક્કાનું મુખ્ય શેહેર. મલાક્કા.—મલાયાના દ્વીપકલ્પના છેક દક્ષિણ છેડા ઉપર શિંગાપોર. એ વપારનું અગત્યનું ઠેકાણું છે.

સિલોન (લંકા)

આ મોટો ને અગત્યનો ટાપુ છે. દક્ષિણ બાજુથી મનારના અખાતને પાકની સામુદ્રધુની જૂદો પાડે છે. ને તે અંગ્રેજના આશ્રા તળે છે. એ ટાપૂના લોકોને સિંગાળી કહે છે. તે ધર્મેબુદ્ધા છે. અત્રેની હવા વધારે ઠંડી ને સુખાકારી છે. ને જમીન અતિશય ફળદ્રુપ છે. એમાંથી તજ પુષ્કળ નીકળે છે. ને જંગલમાંથી અતી કિમતી ઇમારતી લાકડાં, સાગ ગુલાબનાં ઝાડ અબનુસ, સૂખડ વિગેરે છે. વળી મોતીની શિપો, હાથિદાંત, ને કિમતી જવાહેરો મળે છે. **મુખ્ય શહેર.**—કોલંબો પશ્ચિમ કાંઠા પર. કાંડી, ત્રિકોમાલી, પોંઇટડીગાલ, અને

નૈરૂત્ય ખૂણામાં મુખ્ય ઠેકાણું ધરટ ઈંડીયા સ્ટીમર અહિ યાં બંદર કરે છે.

એશિયાના મુખ્ય બંદરો.

કાળા સમુદ્રમાં—પોટી, ત્રબિઝોન્ડ, સિનોપ. **ભુમધ્ય સમુદ્ર**—સમર્ના, સ્કેનદ્રુમ, લટેકિયા, ત્રિપોલી, બિરૂટ, એકર, જાફા, **રાતા સમુદ્રમાં**—યંબો, જીડડા, મોખા, **એડનના અખાતમાં**—એડન. **આરબી સમુદ્રમાં**—મસ્કત. ઈરાની અખાતમાં બંડરઅબાશ, બુશાયર. **લંકામાં**—કોલંબો, ગાલી, ત્રિકોમાલી. **મલાક્કાની સામુદ્રધુનીમાં**—પિનાંગ, મલાક્કા, સિંગાપોર. **ચીનાઇ સમુદ્ર**—બાંકોક, સાઇગોન. હ્યુ, મકાઊ, હોંગકાંક, કંતાન, સ્વાતો-અમોય. ફુચૂ, નિંગપો, સાંગહાય, નાનકિન. **પીળા સમુદ્રમાં**—ચિફુ, તીનસીન. **જાપાનમાં** નાગાસાકિ, કોબિ, યાકોહામ, હેકેડોટ. **કામસચાટકામાં**—પેટ્રોપોલોસ્કી.

હિંદુસ્તાન.

સિમા—આ મોટો દ્વીપકલ્પ ઉત્તરમાં હિમાલયથી તે **દક્ષિણ** કન્યાકુમારી સુધીને **પશ્ચિમે** સુલેમાન ને હાલા પર્વત તે અફઘાનિસ્તાનને બલુચિસ્તાનથી જુદો પાડે છે ને ઠેઠ **પૂર્વમાં** બંગાળના ઊપસાગર સુધી.

મુખ્ય **ભાગો**— (૧) બ્રિટિશ હિંદ. (૨) આશ્રા તળેના રાજયો. (૩) સ્વતંત્ર રાજયો. (૪) પરદેશી રાજ્યો.

હિંદુસ્તાનના રાજકિય ભાગો તથા મુખ્ય શહેર.

બંગાળા—કલકત્તામાં ગવર્નર જનરલ રહે છે.

(૨) **આસામ**—ગોહતી, ચિફ કમિશનર. (૩) **અયોધ્યા**—લખનો, ચિફ કમિશનર. (૪) **મધ્ય પ્રાંત**—જબલપુર ચિફ કમિશનર. (૫) **બ્રિટિશ બર્મા**—રંગૂન ચિફ કમિશનર. (૬) **વાચ્ય પ્રાંત**—અલ્લાહાબાદ લેફટેનંટ ગવર્નર. (૭) **પંજાબ**—લાહોર. લેફટેનંટ ગવર્નર. (૮) મદ્રાસ—મદ્રાસ. ગવર્નર. (૯) **મુંબઇ**—મુંબઈ. ગવર્નર. આખા હિંદુસ્તાનનો ૩/૫ ભાગ ઈંગ્રેજને તાબે છે. ને તે એક વાઇસરોય અથવા ગવર્નર જનરલના હાથ નીચે છે. તેના હાથ નીચે આ પ્રમાણે બીજા અમલદારો માંહે વહેંચાયલું છે. બે ગવર્નરો. (૩) નાના ગવર્નરો. (૪) ચીફ કમિશનરો. એ શિવાય અજમેર, કુર્ગ, માઇશોર, વરાડ, હૈદ્રાબાદ એ ગવર્નર જનરલના હાથ નીચે છે. અજમેર રજપુતાનામાં એક નાનું પરગણું છે. ને કુર્ગ એ જંગલી પહાડી રાજ્ય પૂર્વ ઘાટમાં મ્હેસુરને અગ્નિ ખૂણમાં છે. એનું મૂખ્ય શહેર મરકરા. **માઇશોર**—એ મદ્રાસ ઇલાકાના મધ્ય ભાગમાં છે. બાંગલોર, શ્રીરંગપટ્ટણ, બિરાર નિજામ પાસેથી ઈંગ્રેજે સને ૧૮૫૩માં લીધો તેના શહેરો ઉમરાવતી, ઈલીચપુર, આકોલા.

બંગાળા ઇલાકો.

આ સૌથી મોટો ને અગત્યનો ઇલાકો છે. એ હિમાલયની દક્ષિણે દરિયા સુધી, બ્રહ્મપુત્રાની ખિણ અને વળી બિનારસથી છેક દરિયા કાંઠે પૂર્વમાં ગંગાની ખિણ, તથા ચિતાગાંગનો દરિયા કાંઠાનો પ્રદેશ, બંગાળાની પૂર્વે ને પશ્ચિમમાં ઉપસાગર આગળ કટક મહા નદીના મૂખ આગળ અહિં સુધી સમાવેશ થયેલો છે.

બંગાળાના શહેરો—કલકત્તા, ઢાકા, હોરો, બર્દવાન, મુર્શીદાબાદ, તથા બીજાં શ્રીરામપોર, પ્લાસી, ચિતાગોંગ, ચિનસુરા, કતવા, કિશનગઢ, જેશોર, મેદનિપુર, બહમપૂર, બરાકપૂર, કાસિમબજાર, નુદિયા ચંનગર, અલીપુર, રાણીગંજ. **બહાર**—પટણા, ગયા, ભાગલપુર, તથા બીજાં આરા, મુજફ્ફરપુર, મોંગીર, રાજગહાલ, બકરાર, દીનાપુર, દરભંગા. **ઓરિશા**—કટક, પૂરી, બાલાસોર. **છોટાનાગપૂર**—(૪). હજારીબાગ, રાંચી, રામગઢ. **આશામ** ગૌહતી, શીબશાગર.

વાવ્ય પ્રાંત—એ બંગાળાની છેક પશ્ચિમ તરફની હદથી તે બીજી તરફ પહાડી રાજ્યની ત્રણ બાજુએ અયોધ્યા આવેલો છે. **શેહેરો**—**મિરત**—શાહરનપુર, હરિદ્વાર, રૂડકી, કોયલ, અલીગઢ. (૨) **કચુમોન.** અલમોરા, કાશિપુર. (૩) **રોહિલખંડ** બરેલી, શાહજાનપોર મોરાદાબાદ. (૪) **આગ્રા**—આગ્રા, ફરૂક્ખાબાદ, મથુરા, કનોજ (૫) **જહાંસી**—કાલ્પી, મૌઉ. (૬) **અલ્હાબાદ** કાનપોર, બંડા, અલ્હાબાદ. (૭) **બનારશ**—મિરજાપોર ગોરકપોર, ગાઝીપોર. **અયોધ્યા**—આ સર્વથી નાનો પ્રદેત છે. ને એની ઉત્તરે નેપાલ અને બધી બાજુએ વાવ્યપ્રાંત છે. **શેહેરો. લખનોર**—લખનોર, પર્વા, રૂડાઉલી. (૨) **સિતાપુર**—સિતાપુર, બેરબાદ, સાંડીલા. **ફૈજાબાદ** સુલતાનપુર, બેરેજ, બાલારામપોર, તથા બીજાં સુલતાનપોર, (૪) **રાયબરેલી** જેસ, ડાલમો. **પંજાબ**—એ અફઘાનીસ્તાનની બાજુએ દીલ્હીથી પેશાવર સુધી ગયલો છે. **શેહેરો. લાહોર**—અમૃતશર દિલ્હી, મુલતાન, પેશાવર તથા બીજાં મરી, જેલમ, ચિલીયનવાલા, સરહિંદ,

અંબાલા, સિમલા, હરિદ્વાર, થાનેશ્વર, પાણીપત, ગુજરાત, અલીવાલ, સોબ્રેઓન,લુધીયાના,રાવલપીંડી, ફીરોજપોર, ડેરાઇસ્માયલખાં. દેરાગાજીખાં, શાહપોર, કર્નાલ, ફીરોજશાહ, મુજફરગઢ, મુડકી. **મધ્યપ્રાંત**—નાગપોર, જબલપોર, શંબલપોર હિંગનઘાટ, નર્મદા, છતીશગઢ, કામતી, શાગર, બરહાનપોર, રાયપોર, તથા બીજાં રતનપોર, હિંઘનઘાટ, ઉમરાવતી, ઈલીચપૂર, આકોલા, આરગામ. બ્રિટિશ બ્રહ્મદેશ એ આરાકાન પેગૂ, તિનાસરીમ મળીને થયલો છે. એ બંગાળાના ઉપસાગરની છેક પૂર્વમાં છે. (૧) આરાકાન, એકયાબ. (૨) પેગુ, રંગુન, બેસિન, પ્રોમ. (૩) તિનાશરીમ, મોલમીન, ટેવોય, માર્ટાબાન,સ્ટ્રેઈટ સેટલમેન્ટ, પ્યુલોપીનાંગ, મલાક્કા, શિંગાપોર, વેલસ્લી-પ્રોવીન્શ, પિરક.

મદ્રાસ ઈલાકો.

ઉત્તર સરકાર—મચ્છલીપટ્ટણ તથા બીજાં રાજમંદ્રી, ગંતુર, વિશાગાપટ્ટણ, ગંજામ, શિકાકોલમ, વિજયનગર, કોરિંગા, બીમલીપટ્ટણ, એલોર. **કર્નાટક**—આર્કાટ, ત્રંજોર, ત્રિચિનાપલ્લી, મદ્રાસ, મદુરા, તથા બીજાં ત્રાંકવેબાર, વોન્ડીવાશ, પાલિમકોટા, નેલોર, કોન્જીવરામ, વેલોર, ચિતૂર, અરની, ચીંગલીપટ, પુલીકટ, કડલોર, ફોર્ટ-સેંટડેવીડ, કડપા, કર્નુલ, ગુત્તિ, ચીલાંબ્રા, એ ઉત્તર ને દક્ષિણ આર્કટના શહેરો છે. **મલબાર**—કેલીકટ માંગલોર, બેપુર, ટિનેવલી, તથા બીજાં બેલારી, કાનાનોર, કોઇંબટુર, ઉતાકામન્ડ, કાન્ડા, સેલમ, તુતીકોરીન, તાલચેરી, નેગાપટ્ટણ.

મુંબાઇ ઇલાકો.

સિંધ, કરાંચી, હૈદ્રા, કોટ્રી, હૈદ્રાબાદ, મિયાની, ઉમરકોટ શિકારપુર શક્કર, બક્કર, લારખાના, જેકોબાબાદ. (૨) ગુજરાત પ્રાંત—સુરત, ભરૂચ, ખેડા, અમદાવાદ, દાહોદ. (૩) ખાનદેશ અથવા ઉત્તર વિભાગ—ધુળીયા, માલેગામ, નંદરબાર, થાણા, કલ્યાણી, વસઇ બોરાવળી, નાશિક, દક્ષિણ વિભાગ, મહારાષ્ટ, અહ્મદનગર, પૂણા, મુંબાઇ, શોલાપોર, ખડકી, સતારા, માહાબળેશ્વર, પંઢરપુર, બારસી, કલાદગી, બિજાપોર, બેલગામ, ધારવાડ, ઉત્તર કનેડા—કારવાડ, હોનાવર, કોમટા, વિજયદુર્ગ, રત્નાગિરી. દેશી રાજ્યો—બંગાળા, સિકિમ, કુચબિહાર, ટિપરા, મણિપુર, ખાશીયા. (૨) વાબ્ય પ્રાંત—રામપુર, ગઢવાલ. (૩) પંજાબ—કાશ્મિર, પતિયાલા, ઝિંદ, નબ્બા કપરથલા, મંદી, ફરીદકોટ, બાવલપોર. શીખ લોકોના સંસ્થાન—મદ્રાસ. ત્રાવણકોર, કોચીન, પદકોટા.

રજપુતાનામાં—

ઉ. બિકાનેર અલવાર. પુ. કિશનગઢ, જેપુર, ભરતપુર, ધોળપુર, કિરોળી, ટોંક. દ. બૂંદી, કોટા, ઝાલાવાડ, પ્રતાપગઢ, વાંસવાડા, ડુંગરપૂર, ઉદેપુર, શિરોહી, પ. જોધપુર, જશલમીર, ચિતોડ એ બધા ઉપર અધિકાર ચલાવનાર ગવરનર જનરલનો એજંટ રહે છે.

મધ્ય હિંદ એજન્સિ.

રેવા, બદેલખંડ—ઉ. ગ્વાલીયર, સીંધિઆનું રાજ્ય, દ. ભોપાળ,ઈંડોર, અથવા હોલકરનું રાજ્ય. મુખ્ય શેહેર.

રેવા, બુંદેલખંડ, ત્હેરીને ઝાંસી, સિંધિઆ, ગ્વાલિઅર, નિમજ ઉજ્જૈન, ભિલસા. હોલકરના રાજ્યમાં મઉ ને ઇંદોર, ખૈરપુર. સિંધની ઉત્તરે. કચ્છમાં ભુજ ને માંડવી, ગુજરાતના ગાયકવાડનું રાજ્ય,વડોદરા, વિશ્વામિત્રીપર ડિસા. કાઠિયાવાડનાં મુખ્ય શેહેર. રાજકોટ, ભાવનગર, પોરબંદર, દ્વારકા, (યાત્રાનું સ્થળ છે.) સોમનાથ, જુનાગઢ, એમાં ગિરનાર પરવત છે તેમાં જૈનનાં દેહેરાં છે. ખંભાત પાલણપોર, રેવાકાંઠા.

મહારાષ્ટ્રના દેશી રાજ્યો—કોલાપુર, સાંવતવાડી, જંજીરા, મુંબઇની દક્ષિણે છે.

મદ્રાસ ઇલાકાના—મૈસુર. મુ. શે. શ્રિરંગપટ્ટણ, બાંગલોર, ચિતળદુર્ગ, હરિયર, બેદનુર, કુર્ગ. મુ. શે. મર્કરા કોચીન. મુ. શે. ટ્રિચુર, ત્રાવણકોર—ત્રિવેનદ્રમ, ક્વિલન અને એલીપલી.

મધ્ય પ્રાંતો—નિઝામનું રાજ્ય—એ સઘળાં દેશી રાજ્યોમાં મોટું છે. શેહેરો. સિકંદ્રાબાદ, હૈદ્રાબાદ, બોલારામ (એ બેમાં નીઝામનું લશકર રહે છે) ગોળકોંડા, વરંગુળ, બીડર, ગુલબર્ગ, ઓરંગાબાદ, (ગોદાવરીપર) દૌલતાબાદ, દેવગઢ, અસઈ, એલોર, જાલના, એ અગત્યનાં શેહેરો છે.

સ્વતંત્ર રાજ્યો—નેપાળ, ખટમંડુ, ગુરખા, લલિતાપટણ, મકવાનપૂર, (રણક્ષેત્ર.) ભૂતાન, ટયાસિટસુડન, પુનાખા.

પરદેશી રાજ્યો—ફ્રેંચને તાબે—ચંદ્રનગર હુગલી પર. યનાન ગોદાવરીના મુખ પાસે. પોંડેચરી ને કેરિકલ કોરોમાંડલ કિનારા પર. માહિ મલબાર કિનારે.

ફિરંગીના શેહેરો—ગોવા અથવા પાનજીમ, મલબાર કાંઠે. દમણ, મુંબઈની ઉત્તરે. દિવ કાઠિયાવાડની દક્ષિણે.

કિનારા પરના શેહેરો—કરાંચી, પોરબંદર, ઘોઘા, ખંભાત, ભરૂચ, સુરત, મુંબઇ, રત્નાગિરી, વિંઘોરલા, પાનજીમ અથવા ગોવા, કારવાડ, કોમતા, હોનાવર, મંગલૂર, કાનાનોર, ટેલીચરી, કલીકટ, બેપૂર, કોચીન, ક્વીલોન, ટ્યૂટિકોરીન, નાગાપટ્ટણ, ત્રાંકવેબાર, કડલોર, પોંડીચરી, મદ્રાસ, મછલીપટ્ટણ, કોરીંગા, વિઝાગાપટ્ટણ, બિમ્લીપટ્ટણ, ગોપાળપુર, પૂરી, બાલાસોર, કલકત્તા, ચિતાગોંગ અકયાબ, રંગૂન, મોલમીન, ટેવાય, મરગ્વિ.

હિંદુસ્તાનનાં હવાનાં ઠેકાણાં.

સિમલા—સતલજ પાસે. **મરી**—જેલમ પાસે. **દાર્જીલીંગ**—સિક્કિમની દક્ષિણે. **મહાબલેશ્વર**—સતારાની ઉત્તરે. **નીલગિરિ**—મ્હૈસુરની દક્ષિણે. **તલઘાટ**—નાશિકની દક્ષિણે. **મથૂરી**—ભરત્તપુરની ઉત્તરે.

જાત્રાના ઠેકાણાં—બદ્રીનાથ ઉત્તરમાં. **રામેશ્વર**—દક્ષિણમાં. જગન્નાથ—પૂર્વમાં. દ્વારકાં—પશ્ચિમમાં ગયા—પટણાની નૈરૂત્યે. **કાશી**—ગંગા ઉપર. **પ્રયાગ**—ગંગા ને જમનાના સંગમ ઉપર. **મથુરાં**—જમના ઉપર. **હરિદ્વાર**—ગંગા ઉપર. **પાલીતાણા**—ગિરનારની પૂર્વે. **ગિરનાર**—જૂનાગઢની ઇશાને. **નાશક**—ગોદાવરી પાસે. **પંઢરપૂર**—ભીમા ઉપર. **શ્રીનાથજી**—ઉદેપુરની ઉત્તરે.

હિંદુસ્તાનના પર્વતો.

હિમાલય—ઈવરેસ્ટ નેપાળમાં. ૨. કીંચીનગંગા—સિકીમમાં. દ્વાલાગિરિ—નેપાળમાં. નંદાદેવી—કયુમોનમાં. ચમળેરી—ભૂતાનમાં. સુલેમાન—પંજાબની પશ્ચિમે. સાતપૂડા—નર્મદાની દક્ષિણે. સિવાલિક—નેપાળની દક્ષિણે. વિંધ્યાચળ—નર્મદાની ઊતરે. પૂર્વઘાટ—પૂર્વ કાંઠા પર. પશ્ચિમ ઘાટ—પશ્ચિમ કાંઠા ઉપર. અરવલ્લી—રજપૂતસ્થાનમાં.

બેટો—એલીફન્ટા મુંબઈની દક્ષિણે. **સાષ્ટી**—મુંબઈની ઉત્તરે. **લક્ષદ્વીપ** ને **મહાલદ્વીપ**—અરબી સમુદ્રમાં. **સિલોન**—હિંદુસ્તાનની દક્ષિણે. **રામેશ્વર** હિંદુસ્તાનની દક્ષિણે. **એન્ડામાન**—બંગાળાના ઉપસાગરમાં.

સરોવર—ચીલ્કા—ઓરિસામાં. પૂલીકટ—મદ્રાસની ઉત્તરે. સાંભર ને સાર—રજપુતસ્થાનમાં. મંચર સિંધમાં. વલર—કાશ્મિરમાં. કોલર—ગોદાવરી ને કૃષ્ણાના મૂખ આગળ.

હિંદુસ્તાનની નદી કયાંથી નીકળી કોને મળે છે તે તથા તેના પરનાં શહેરો.

સિંધુ નદી—સ્વતંત્ર તિબેટના પહાડમાંથી નીકળીને અરબી સમુદ્રમાં મળે છે. એના પર કરાંચી, ટટ્ટા, હૈદ્રાબાદ, શક્કર, બક્કર, અમરકોટ, મીથુનકોટ, લારખાના શિકારપૂર, ડેરા ઈસ્માલખાન, ડેરા ગાજીખાન, કાળાબાગ, અટક. ૨. **જેલમ**—હિંદુકુશ પર્વતમાંથી નીકળી પંજાબમાં સિંધુને મળે છે. જેલમ ને કાશ્મિર. **બિયાશ**—

હિમાલય પર્વતમાંથી નીકળી સિંધુને મળે છે. જાળંદર. ૪. **રાવી**—એ હિમાલયની દક્ષિણેથી નીકળી સિંધુને મળે છે. લાહોર, અમૃતસર. ૫. **ચિનાબ**—હિમાલય ની દક્ષિણમાંથી નીકળી સિંધુને મળે છે. મુલતાન ને રામનગર. ૬. **સતલજ**—હિમાલયની દક્ષિણેથી નીકળી સિંધુને મળે છે. લૂઢિયાના, અલીવાલ, ખૈરપુર. ૭. **બ્રહ્મપુત્રા**—તિબેટના પહાડમાંથી નીકળી બંગાળાના અખાતને મળે છે. જમાલપુર, ગોવાળપાડા, દરંગ, વિશ્વનાથ ૮. **ઈરાવતી**—બંગાળાના પૂર્વ ખંડેરમાંથી નીકળી માર્ટાબાનના અખાતને મળે છે. રંગુન, પ્રોમ, માન્ડલે. ૯. **ગંગા**—હિમાલયના ગંગોત્રી શિખરમાંથી નીકળી બંગાલી સમુદ્રને મળે છે. હરિદ્વાર, કાનપુર, કાશી, મીરજાપૂર, કનોજ, ફરૂકાબાદ, પટણા, મોંગિર, ભાગળપૂર, રાજમહાલ, મુર્શીદાબાદ. ૧૦. **જમના**—હિમાલયના જનમોત્રી શિખરમાંથી નીકળીને ગંગાને મળે છે. દિલ્હી, આગ્રા, મથુરા. ૧૧. **ગોગરા**—હિમાલયમાંથી નીકળી ગંગાને મળે છે. અયોધ્યા. ૧૨. **સોન**—જબલપુરના પહાડમાંથી નીકળી ગંગાને મળે છે. પટણા, બકસર. ૧૩. **ચંબલ**—વિંધ્યાચળ પર્વતમાંથી નીકળી ગંગાને મળે છે. ધોળપુર, કોટા. ૧૪. **હુગલી**—પ્લાસી આગળથી નીકળી ગંગાને મળે છે. કલકત્તા. ૧૫. **સાબરમતી**—આબુના પહાડમાંથી નીકળી ખંભાતના અખાતને મળે છે. અમદાવાદ. ૧૬. **મહી**—માળવામાંથી નીકળી ખંભાતના અખાતને મળે છે. ખંભાત, લુણાવાડા. ૧૭. **નર્મદા**—સાતપુડા પહાડમાંથી નીકળી ખંભાતના અખાતને મળે છે. ભરૂચ, અંકલેશ્વર,—સુકલતીર્થ, નાંદોદ, મં•

હુસેશ્વર, જબલપુર. ૧૮. **તાપી**—સાતપુડા પર્વતમાંથી નીકળી ખંભાતના અખાતને મળે છે. સુરત, રાંદેર, બરાનપુર. ૧૯. **મહા**—મીરજાપુર આગળથી નીકળી બંગાળી સમુદ્રને મળે છે. કટક, સંબલપુર. ૨૦. **ગોદાવરી**—નાશિક આગળથી નીકળી બંગાળી સમુદ્રને મળે છે. નાશિક, પૈઠણ, ઔરંગાબાદ, રાજમંદ્રી. ૨૧. **પનાર**—મ્હૈસુરમાંથી નીકલી બંગાળી સમુદ્રને મળે છે. કડપા, નેલ્લોર. ૨૨. **કાવેરી**—કુર્ગમાંથી નીકળી બંગાળી સમુદ્રને મળે છે. શ્રિરંગપટ્ટણ, ત્રિચિનાપલી, પોર્ટોનોવો. ૨૩. **તુંગભદ્રા**—મ્હૈસુરમાંથી નીકળી કૃષ્ણાને મળે છે. કર્નુલ. ૨૪. **ભીમા**—મહાબલેશ્વર આગળથી નીકળી કૃષ્ણાને મળે છે. પંઢરપુર. ૨૫. **મૂશિ**—મહાબલેશ્વર આગળથી નીકળી કૃષ્ણાને મળે છે. હૈદ્રાબાદ. ૨૬. **સિના**—અહમદનગર. ૨૭. **મુળા મુઠા**—પુણા. ૨૮. **ગોમતી**—શાહજાનપુરમાંથી નીકળી ગંગાને મળે છે. લખનોર ફૈજાબાદ.

એમાંની મુખ્ય નદીઓ કોને મળે છે તથા તેની શાખાઓ.

ખંભાતના અખાતને મળનારી નદીઓ—સાબરમતી, મહી, તાપી, નર્મદા.

બંગાળી સમુદ્રને મળનારી નદીઓ—બ્રહ્મપુત્રા, ગંગા, મહા, ગોદાવરી, કૃષ્ણા, પનાર, કાવેરી.

અરબી સમુદ્રને મળનારી નદીઓ—સિંધુની શાખા—જેલમ, બિઆશ, રાવી, ચિનાબ, સતલજ.

ગંગાને મળનારી નદીઓ—ગોમતી, ગંડકી, કૌ-

શરી, ગોગરા, સરયુ, એ ઉત્તર પાસાં પર મળે છે. અને શોણ, ચંબલ, બેટવા કુશી, હુગલી એ નદીઓ દક્ષિણે મળે છે.

ગોદાવરીને મળનારી નદીઓ—પેનગંગા, વર્ધા, મંજીરા.

કૃષ્ણાને મળનારી નદીઓ—ભીમા, તુંગભદ્રા.

હિંદુસ્તાનમાં બનાવટ અને પાકને માટે પંકાયલાં શહેરો.

કાસ્મીર—સૌથી સરસ શાલો બને છે. શિરોહી—તરવાર બને છે. **પાટણ**—પટોળાં, સુડી, માંટીનાં વાસણ. **માળવા**—અફીણ. **માંગલોર**—માગલોરી સોપારી. **પેંઠ**-ણ—પેંઠની પાઘડીને માટે. **મલબાર**—લાકડાં, મરી, નાળીએર. **નાશક**—જળપાત્ર. **કાશી**—લોટા, પિતાંબર. **પુ**-ણા—પાન. **જેપુર**— ચિત્ર. **નાગપુર**—રેશમી ધોતીજોડા, તથા કાપડ. **ઢાકા**—સૌથી સરસ મલમલ. **મછલીપટ્ટણ**—મલમલ, છીંટ. **બુંદેલખંડ-ઓરિસા-ગોળકોંડા**-એ બધામાં હિરા વગેરે ખનિજ પદાર્થ છે. **મથુરા**—પેંડા. **અમદાવાદ**—મશરૂ. **સુરત**—અરશી, પાપડી. **ખંભાત**—ચકકીના પથ્થર, સુત્રફેણી. **કપડવંજ**—કાચ, સાબુ.

બેવડાં નામવાળાં શહેર, નદી, પર્વત વિગરે.

માળવા-જાંબુદ્વીપ. **કાઠીયાવાડ**-સોરઠ. **ઓઢીયા**-ઓરિસા. **અમદાવાદ**-રાજનગર. **આગ્રા**-અકબરાબાદ. **ગંગા**-બાગીરથી. **જમના**-યમુના. **સિંધુ**-અટક, **કાશી**-બનારસ. **પ્રયાગ**-અલહાબાદ. **દિલ્હી**-હસ્તીનાપુર, **દોલતાબાદ**. દેવ-

ગઢ—દેવગીરી. **જગન્નાથ**—પૂરી. **બ્રહ્મપુત્રા**—શાંપુ. **નર્મદા**—રેવા. **ગોગરા**—શર્યુ. **લંકા**—સિંહલદ્વીપ, સિલોન. **સહ્યાદ્રિ**—પશ્ચિમઘાટ. **વરાડ**—બિરાડ.

ખેતીની નીપજ—ઘઉં. વાવ્ય પ્રાંતોમાં અને પંજાબમાં. ચોખા બંગાળામાં. બાજરી દક્ષિણમાં. કપાસ બંગાળા, આસામ, બ્રહ્મદેશ, નાગપુર, વરાડમાં ગળી બંગાળામાં. અફીણ બંગાળા, બહાર, માળવા વિગેરેમાં. ખુન નાળીએરી, ચાહ, આસામ હિમાળય પર. મરી, તજ, સુંદર, નાળિએર મલબારકાંઠે. લંકામાં ઇમારતી લાકડાં. મુખ્ય સાગ મલબારના જંગલમાં.

ખનિજ પદાર્થ—લોઢાખંડ, કોલસા. બંગાળા અને જબલપુરમાં. સોનું તિનાસરીમમાં પંજાબ મલબાર કીનારે. હિરા સંબલપુરમાં અને ગોળકોંડામાં. મીઠું સંભર સરોવરમાંથી, કાળાબાગ, મુંબઇ અને મદ્રાસને કિનારે દરીઆના પાણીનું બનાવે છે. સિંધવની ખાણ રજપુતાનામાં અને પંજાબમાં. મોતી લંકાની આસપાસના દરિઆમાં. કાશ્મીર, અમૃતસર અને લુધિઆનામાં શાલનાં કારખાનાં છે. બંગાળા અને બ્રહ્મદેશમાં રેશમી કાપડનાં કારખાનાં છે.

હિંદુસ્તાનનાં જાણવા લાયક શહેરો.

મદ્રાસ—કોરોમાંડલ કિનારા ઊપર વેપારનું મોટું મથક છે. ને ફોર્ટ સેંટ જૉર્જ નામે કિલ્લો બાંધવામાં આવ્યો છે, ૧૬૩૯માં.

ઇલોરા—કોલ્લર સરોવરની પાસે. એમાં શેતરંજી-

નાં કારખાનાં છે.

વિસાગાપટ્ટણ—એ બંદર શિંગડાંની પેટીની અનાવટને માટે પ્રખ્યાત છે.

બેલારી—કડપાની પશ્ચિમે લશ્કરી મથક છે.

આર્કોટ—ચિંગલપટની વાવ્યે કર્ણાટકની આગલી રાજધાની ૧૭૫૧માં ક્લાઇવે લીધું.

કડલોર—પનાર નદીને દક્ષિણ કાંઠે. એની પાસે ફોર્ટ સેંટ ડેવિડના ખંડિએરા છે.

પોંડચરી—કર્ણાટકની પૂર્વમાં ફ્રેન્ચની રાજધાનીછે.

પોર્ટોનોવો—અહીં સર આયરકુટે હૈદરને હરાવ્યો.

નેગાપટ્ટણ—આગળ વલંદાનું સંસ્થાન હતું, ને તે કેલીમીઅર ભૂશિરની ઉત્તરે છે.

ટ્રાંકવેબાર—આગળ ડેન્સનું ઠેકાણું હતું, નેગાપટ્ટણની ઉત્તરે છે.

મદુરા—ટિપુસુલતાન પાસેથી ૧૭૯૯માં અંગ્રેજે લીધું. ત્રિચિનાપલ્લીની દક્ષિણે છે.

ટ્યુટીકોરીન—ટિનવલ્લીની પૂર્વમાં બંદર છે.

વેલોર—ચિતુરની દક્ષિણે લશ્કરી મથક છે.

ટ્રિપ્ટી—પુલીકટ સરોવરની પશ્ચિમે એક પવિત્ર ધામ છે.

આર્ની—આરકાટની દક્ષિણે કર્ણાટકના નવાબ ચંદા સાહેબના છોકરા રાજા સાહેબને ક્લાઇવે ૧૭૫૧માં હરાવ્યો.

ત્રિચિનાપલ્લી—કાવેરી પર લશ્કરની છાવણી છે.

સાલેમ—પનાર ને કાવેરીની વચમાં. ટિપુ સુલતાન પાસેથી ૧૭૯૯ માં અંગ્રેજે લીધું.

કોઇમ્બટુર—૧૭૯૯ માં ટિપુના મુઆ પછી અં-

ગ્રેજે લીધું.

ઉટાકામંડ—કોઇમ્બતુરની ઉત્તરે હવાની ટેકરી છે જ્યાં મદ્રાસનો ગવર્નર ગરમીમાં રહે છે.

કાલિકટ—મલબારનું મુખ્ય શેહેર એમાંથી મરી, સાગ, નાલિએર બહાર જાય છે.

કોચીન—મલબાર પર બેપુરની દક્ષિણે એક બંદર છે એમાં મ્હોટાં વહાણો રહે છે.

બાંગલોર—મ્હૈસુરમાં છે એમાં રેશિડંટ ને લશ્કર રહે છે.

શ્રિંગાપટ્ટણ—હૈદરના છોકરા ટિપુની રાજધાની ૧૭૯૯ માં ટિપુને મારી અંગ્રેજે લીધું.

કુર્ગ—મ્હેસૂરના ચિફ કમિશનરની સત્તા નીચે છે એમાં એલચી તથા બુંદ થાય છે.

હૈદ્રાબાદ ને વરાડનાં શેહેર.

હૈદ્રાબાદ—એ મૂશિ નદી પર છે. એમાં રેસિડંટ રહે છે.

સિકંદ્રાબાદ ને બોલારામ—એમાં અંગ્રેજી લશ્કરની છાવણી છે.

બીડર—મંજીરા નદી પર છે. અહિં સોના રૂપાનાં કારિગરીવાળા પીત્તળના દાગીના થાય છે.

ગોવળકોન્ડા—એમાં મજબૂત કિલ્લો છે. હિરાની ખાણને માટે પ્રખ્યાત છે.

ઔરંગાબાદ—અસલી સુંદર ઇમારતોને માટે પ્રખ્યાત છે.

દૌલતાબાદ—એમાં મજબૂત કિલ્લો છે ને ઔરંગાબાદની પાસે છે,

એસે—૧૮૪૩ માં જનરલ વેલસ્લીએ મરાઠાને હરાવ્યા. દૌલતાબાદની ઇશાનમાં છે.

ઇલોરા—દૌલતાબાદની પાસે પર્વતમાં કોતરી કહાડેલાં દેહેરાંને માટે પ્રખ્યાત છે.

જાલના—ઔરંગાબાદની પૂર્વે. અંગ્રેજની લશ્કરની છાવણી છે.

ઉમરાવતી
ખાનગામ }—રૂના વેપારને માટે પ્રખ્યાત છે.

મધ્ય પ્રાંતનાં શેહેર.

નાગપોર—મધ્ય પ્રાંતની રાજધાની. રેશમી ધોતી જોડાને માટે પ્રખ્યાત છે.

કોમ્પ્તી—એમાં અંગ્રેજી લશ્કરની છાવણી છે.

જબલપોર—એમાં આરસના ડુંગરો ને કોલસાની ખાણો છે.

સાગર—જબલપુરના વાવ્ય ખૂણમાં લશ્કરની છાવણી છે.

સંબલપુર—હિરાની ખાણો માટે.

મધ્ય હિંદ એજન્સિનાં સંસ્થાનો.

એ એજન્સિના બે મોટા ભાગ છે. (૧) ગ્વાલિઅરનું રાજ ને હાલનું માળવા. (૨) બૂંદેલખંડનાં દેશી રાજ્યો, ને રેવાનું મોટું રાજ છે.

ઇંદોર—ઉજ્જનની દક્ષિણે હોલકરનું મુખ્ય શેહેર એમાં ગવરનર જનરલનો એજંટ રહે છે.

મહુ
નીમચ }—અંગ્રેજી લશ્કરની છાવણી છે.

ભોપાલ—નર્મદાની ઉત્તરે. એમાં બેગમ સાહેબ રાજ કરે છે.

સિહોર—ભોપાલની પશ્ચિમે. એમાં પોલિટિકલ એજંટ રહે છે.

રજપૂત સંસ્થાનો.

આબૂ—ગવરનર જનરલના એજંટનું મથક છે એમાં ૧૮ દેશી સંસ્થાન છે.

ઉત્તરમાં—વિકાનેર, અલવાડ. **પૂર્વમાં** કિસનગઢ, જેપુર, ભરતપૂર, ધોલપૂર, કિરોલી, ટોંક. **દક્ષિણમા** બુંદી-કોટા, ઝાલાવાડ, પ્રતાપગઢ, વાંસવાડા, ડુંગરપુર, મેવાડ (ઉદેપુર) સિરોહ, **પશ્ચિમમાં** મારવાડ (જોધપુર) ને જેશલમીર છે.

પંજાબ પ્રાંત.

અમ્રિતસર—લાહોરની ઉત્તરે સિખ લોકોનું પવિત્ર શેહેર છે. ને રેશમી લુગડાં માટે પ્રખ્યાત છે.

જલંદર—લશ્કરની છાવણી અમ્રિતસરની અગ્નિ ખુણે.

લુધીઆના—એમાં શાલ બનાવવાનાં કારખાનાં છે.

સોબ્રાન—૧૮૪૬ માં સર હ્યુ ગોફે સિખ લશ્કરને

હરાવ્યું લુધીઆનાની પશ્ચિમે.

થાનેશ્વર—મહમદ ગીજનવીએ ૧૦૧૪ માં લૂટ્યું

સિમલા—હવાની ટેકરી છે. એમાં ગરમીની રૂતુમાં હીંદુસ્થાનનો ગવરનર જનરલ રહે છે.

દિલ્હી—જમનાના કાંઠા પર મુગલ રાજાની રાજધાની શાહજહાં પાદશાહે બંધાવ્યું.

મુલતાન—૧૮૪૯ માં લીધું ને રેશમી લૂગડાં ને શાલની બનાવટને માટે પ્રખ્યાત છે.

પાનિપત—એમાં આ પ્રમાણે લડાઇઓ થયલી. શહાબુદીન ને પૃથુરાજ, ૧૧૯૩. બાબરે ઇબ્રાહીમને હરાવ્યો. ૧૫૨૬. ૧૫૫૬ અકબરના વઝીર બેરામે આદીલીના વઝીર હેમુને હરાવ્યો. ૧૭૬૧માં અહમદ દુરાનીએ મરાઠા સરદાર સદાશીવ ભાઉને હરાવ્યા.

પેશાવર—આફ્ઘાનિસ્તાનની સરહદ પર લશ્કરી મોટું મથક આવેલું છે.

રાવળપીંડી—મોટું લશ્કરી મથક છે.

મરી—હવાનું ઠેકાણું છે.

ગૂજરાત—૧૮૪૯ માં સર હ્યુ ગોફે શિખને હરાવ્યા ને પંજાબ અંગ્રેજે લીધું.

લાડક—આગળ તિબેટનો ભાગ હતો પણ હાલ કાશ્મીરને તાબે છે.

ભાવલપુર—એમાં નવાબ છે.

પત્યાલા—શિખ લોકોનું મોટામાં મોટું રાજ છે. એ શિવાય જીંદ, નભા, કપરથલા, ફરિદકોટ ને કલશીઆ એ સિખનાં છે.

વાવ્ય પ્રાંત.

અલાહબાદ—જમના ને ગંગાના સંગમ પર વાવ્ય પ્રાંતની રાજધાની છે. એમાં લેફટેનંટ ગવરનર રહે છે. અહિં બે રેલવે મળે છે. તેમાં એક કલકત્તા તરફ ને બીજી પંજાબ ને સિંધ તરફ જાય છે. હિંદુઓનું નહાવાનું પવિત્ર ધામ છે.

કાનપોર—ગંગા નદી પર છે ૧૮૫૭માં નાહના સાહેબે અંગ્રેજની ખૂનકારક કતલ ચલાવી હતી. એમાં લશ્કરની છાવણી છે.

બનારસ (કાશી)—ગંગાને કાંઠે હિંદુઓની સર્વેથી પવિત્ર તિર્થની જગા છે.

મિરઝાપૂર—કાશીની દક્ષિણે ગંગા પર રૂનો બહોળો વેપાર તથા ગલીચાની બનાવટને માટે પ્રખ્યાત છે.

ગાઝીપુર—ગંગાને કાંઠે એમાં લૉર્ડ કોર્નવાલીસ ૧૮૦૫માં મરણ પામ્યો.

આગ્રા—જમનાને કાંઠે મુગલ રાજની રાજધાની એમાં શાહાજહાંનો બંધાવેલો તાજમેહેલ હિંદુસ્તાનમાં સર્વેથી સુંદર ઇમારત ગણાય છે. ને અહીંથી ૭ મૈલ પર સિકંદ્રામાં અકબરની કબર છે.

મથુરાં—આગ્રાની વાવ્ય ખૂણે કૃષ્ણની જન્મભૂમિને માટે પ્રખ્યાત છે. એની પાસે બિંદ્રાબન આવેલું છે.

મિરત—કાલી નદીને કાંઠે લશ્કરી મથક છે. દેશી લશ્કરે ૧૮૫૭માં પહેલો બળવો કર્યો.

હરિદ્વાર—ગંગા પર છે. એમાં ઘણા પહાડ છે. ને જાત્રાનું ધામ છે.

રૂરકી—હરિદ્વારની દક્ષિણે એમાં ઇજનેરી કામ શીખવવાની પાઠશાળા છે.

અજમેર—વાચ્ય પ્રાંતના લેફટેનંટ ગવરનરની સત્તા નીચે છે.

બરેલી—રોહિલખંડનું મુખ્ય શેહેર એમાં ડાંગર પુષ્કળ થાય છે.

ગઢવાળ—હિમાલયમાં છે. અહીં ગંગા તથા જમનાનાં મૂળ છે.

રામપૂર—રોહિલખંડમાં છે. અહીં નવાબનું રાજ છે.

અયોધ્યાનાં શેહેરો.

લખનોર—ગોમતીને કાંઠે અયોધ્યાની રાજધાની ૧૮૫૭ના બળવા વખતે એ શેહેરનો બળવાખોરોના હાથમાંથી ભારે મેહેનતે સર હેનરી હેવલોકે બચાવ કર્યો હતો.

અયોધ્યા—આ શેહેર મનુ નામના પુરૂષે વસાવેલું છે. બીજું અસલ રામના પિતા દશરથનું રાજ હતુ રામનો જન્મ અહીં થયો હતો. ૧૮૫૭માં સર હેનરી લોરન્સે બળવાખોરોથી બચાવ કીધો હતો.

બંગાળા પ્રાંત.

કલકત્તા—હુગલીના કિનારા પર બ્રિટિશ રાજની રાજધાની એમાં સુંદર ઇમારતો છે. ને ભારે વેપાર ચાલે છે. એમાં ફોર્ટ વિલિઅમ નામનો કિલ્લો છે. ૧૬૯૬ માં બાંધેલો હંદુસ્તાનના ગવરનર જનરલનું મૂખ્ય મથક છે બીજું લંડનમાં બપોર થાય છે ત્યારે અહીં સાંજના ૭ વાગે છે એટલો ફેર છે.

અલિપુર—ફોર્ટ વિલિઅમની દક્ષિણે અહિં બંગાળાનો લેફ્ટેનંટ ગવરનર રહે છે.

બરાકપૂર—કલકત્તાની ઉત્તરે એક મોટું લશ્કરી મથક છે.

નુડયા—ભાગીરથી પર સંસ્કૃત પાઠશાળા છે. ૧૨૦૩ માં મુસલમાને લીધું ત્યારે બંગાળાની રાજધાની ગણાતી હતી.

પ્લાસી—કતવાની ઉત્તરે ભાગીરથીને કાંઠે ૧૭૫૭ માં કલાઇવે બંગાલાના નવાબ શુરાજઉદૌલાને હરાવી બ્રિટિશ રાજની સ્થાપના કરી.

મુરશિદાબાદ—ભાગીરથીને કાંઠે. એમાં રેશમી કાપડ તથા ગાડીઓ સારી બને છે.

દારજીલીંગ—હવાની ઉંચી ટેકરી છે. બંગાળાનો લેફ્ટેનંટ ગવરનર ગરમીમાં રહે છે.

ઢાકા—ગંગા અને બ્રહ્મપૂત્રાના કાંઠા પર છે. એમાં ઘણી સારી મલમલ બને છે.

ચિનસૂરા—હુગલી પર આગળ ડેન્સની રાજધાની હતી.

ચંદ્રનગર—ચિનસૂરાની દક્ષિણે ફ્રેન્ચ લોકોનું રાજધાનીનું શેહેર છે.

સિરામપૂર—આગળ ડેન્સ લોકોનું સંસ્થાન હતું.

મોંગિર—એમાં લોખંડનાં કારખાનાં છે.

પુરી (જગન્નાથ)—હિંદુઓનું એક પવિત્ર ધામ છે.

પટણા—કસબી લૂગડાંની બનાવટને માટે પ્રખ્યાતછે.

રાજમહાલ—સાંથલ પ્રગણાનું મુખ્ય શેહેર છે.

ગયા—બૌદ્ધ ધર્મનું પવિત્ર શેહેર છે.

આસામ પ્રાંત.

ગૌહતી--આસામની રાજધાની છે.

બ્રિટિશ બર્મા પ્રાંત.

રંગૂન—બ્રિટિશ બર્માની રાજધાની છે. અહીં ચો-ખા અને સાગના લાકડાંનો પૂષ્કળ વેપાર ચાલે છે.

પેગુ—પેગુ પ્રાંતની આગલી રાજધાની છે.

પ્રોમ—એ ૧૮૨૫ માં અંગ્રેજ લોકે હુમલો કરી લીધું.

આરાકાન—આરાકાન પ્રાંતનું મુખ્ય શેહેર છે.

મોલમિન-માર્ટબાન-તિનાસરીમ—એ તિનાસ-રીમ પ્રાંતનાં મુખ્ય શેહેરો છે.

નેપાળ અને ભુતાનનાં સ્વતંત્ર સંસ્થાનો.

ખટમંડુ--નેપાળની રાજધાની છે.

સિકિમ—નેપાળ અને ભુતાનની વચ્ચે.

ટાસિટચુડન—ભુતાનની રાજધાની સિકિમની પૂર્વે છે.

મકવાનપૂર—નેપાળમાં છે. ગુરખા લોકોને ૧૮૧૬ માં સર ડેવિડ આકટરલોનીએ હરાવ્યા.

પુનાખા—ભુતાનમાં છે.

ફિરંગી સંસ્થાનો.

ગોવા—ફિરંગી સંસ્થાનની રાજધાની અરબી સ-મુદ્રને કિનારે છે.

દમણ—મુંબઇ બેટની ઉત્તરમાં છે.

દીવ—એ બેટ કાઠિઆવાડની દક્ષિણે છે.

ફ્રેન્ચ સંસ્થાનો.

પોંડચરી—ફ્રેન્ચ સંસ્થાનની રાજધાની કર્ણાટકની પૂર્વમાં છે.

કેરિકલ—કર્ણાટકની પૂર્વે.

માહી—મલબાર કિનારા પર છે.

હિંદુસ્તાનનાં પૂર્વ અને પશ્ચિમ કિનારે આવેલાં શેહેરો.

પશ્ચિમ કિનારે—કરાંચી, પોરબંદર, ઘોઘા, ખંભાત, ભરૂચ, સુરત, મુંબાઇ, રત્નાગિરી, વિંગોરલા, પાનજીમ અથવા ન્યુ ગોવા, કારવાડ, કોમટા, હોનાવર માંગલોર, કાનાનોર, ટેલિચેરી, કાલિકટ, બેપુર, કોચિન અલીપલી, ક્વીલોન, ટયુટિકોરીન,

પુર્વ કિનારે—ટ્રાંકિવબાર, કડલોર, પોન્ડીચેરી, મદ્રાસ, મચ્છલીપટ્ટણ, કોરિંગા, કાકીન્ડા, વિઝાગાપટ્ટણ, બિમલિપટ્ટણ, પુરી અથવા જગન્નાથ, બાલસોર, કલકત્તા ચિતાગોંગ.

અરબસ્તાનનાં શેહેર.

અકાબા—એ અરબસ્તાનના સિનાઇ ભાગમાં અકાબાના અખાતની પાસે. **ટોર**— અરબસ્તાનમાં હિડજાજના (H) ની પાસે. **યંબો**—અરબસ્તાનના હિડજાજ ભાગમાં રાતા સમુદ્રમા (A) ની ઉપર. **મદિના**—અરબસ્તાનના હિડજાજ ભાગમાં સામે કાંઠે હિડજાજની પાસે. **મક્કા**—અરબસ્તાનના હિડજાજ ભાગમાં જીડડાની

પાસે. **જીદ્દા**—અરબસ્તાનના હિડજાજ ભાગમાં મક્કાની ઊપર. **સેના**—અરબસ્તાનના યમન ભાગમાં યમનના (N) ની નીચે. **મોખા**—અરબસ્તાનના યમન ભાગમાં યમનના (Y) ની ઉપર. **ડામર**—અરબસ્તાનના યમન ભાગમાં યમનના (M) ની નીચે. **એડન**—અરબસ્તાંનના યમન ભાગમાં એડનના અખાતની પાસે. **એનીઝે**—અરબસ્તાનમાં નેઝડ ભાગમાં નેઝડની (E) ની પાસે. **રિઆડ**—અરબસ્તાનના નેઝડ ભાગમાં નેઝડના (J) ની નીચે. **ડેરાએ**—અરબસ્તાનના નેઝડ ભાગમાં રિઆડની સામા. **મકાલા**—અરબસ્તાનના હેદ્રોમોન્ટ ભાગમાં એડનના અખાત પર. **શોહર**—અરબસ્તાનના હેદ્રોમોન્ટ ભાગમાં મકાલાની ઉપર. **રોસ્ટક**—અરબસ્તાનના ઓમાન ભાગમાં ઓમાનના (M) ની ઉપર. **મસ્કત**—અરબેસ્તાનના ઓમાન ભાગમાં ઓમાનના અખાતની પાસે. **શોહોર**—અરબસ્તાનના ઓમાન ભાગમાં ઓમાનના અખાતના (F) ની નીચે. **ઇલકિતાફ**—અરબસ્તાનના ઇલહાસા ભાગમાં ઇલહાસાના (H) ની પાસે. **ગ્રેન**—અરબસ્તાનના ઇલહાસા ભાગમાં ઇલહાસાના (H) ની પાસે.

ઇરાનના શેહેર.

તેહેરાન—ઇરાનમાં ઇરાકઅઝમીના ભાગમાં એલબેરૂજ પર્વતની નીચે. **હુમદાન**—ઇરાનમાં ઇરાકઅઝમીના ભાગમાં તેહેરાનની પશ્ચિમે. **ઇસ્પહાન**—ઇરાનમાં ઇરાકઅઝમીના ભાગમાં પરશિયાની (E) ની નીચે. **યજડ**—ઇરાનમાં ખોરાશાનના ભાગમાં પરશિયાના (R)

ની નીચે. **અસ્ટ્રાબાદ**—ઇરાનમાં કાસ્પિઅન સમુદ્રમાં છેક કાસ્પિઅન સમુદ્રના ખૂણામાં છે. **મશ્હદ**—ઇરાનમાં ખોરાશાન ભાગમાં ખોરાસાનના (N) ની ઉપર. **સારી**—ઇરાનના મેઝનદ્રાન ભાગમાં એલબુઝ પર્વતમાં મેઝેનદ્રાનના (N) ની ઉપર. **બેલફ્રુશ**—ઇરાનના મેઝનદ્રાન ભાગમાં કાસ્પિઅન સમુદ્રના કાંઠા પર. **રેશ્ટ**—ઇરાનમાં ધિલાંડ ભાગમાં કાસ્પિઅન સમુદ્ર આગળ એલબુઝ પર્વત પર. **ટેબ્રિઝ**—ઇરાનમાં એઝરબિઝન ભાગમાં ઉરૂમિઆની ઉપર. **ઉરૂમિઆ**—ઇરાનમાં એઝરબિઝન ભાગમાં ટેબ્રિઝની નીચે. **સિના**—ઇરાનમાં કૂરદિસ્તાન ભાગમાં હમદાનની પશ્ચિમે. **કેરમાનશા**—ઇરાનમાં કૂરદિસ્તાન ભાગમાં બગદાદની ઉપર. **ખોરામાબાદ**—ઇરાનમાં લુરિસ્તાન ભાગમાં પરશિયાની (P) ની પશ્ચિમે. **શિરાજ**—ઇરાનમાં ફારિસ્તાન ભાગમાં ફારિસ્તાનના (S) ની ઉપર- **બુશાયર**—ઇરાનમાં ફારિસ્તાન ભાગમાં પરશ્યાની (E) ની ઉપર. **લાર**—ઇરાનમાં લારિસ્તાન ભાગમાં લારિસ્તાનની નીચેથી. **ડિસફુલ**—ઇરાનના ખુઝીસ્તાન ભાગમાં પરશ્યાની (P) ની નીચે. **શહુસતર**—ઇરાનમાં ખુઝીસ્તાન ભાગમાં ડિસફુલની નીચે. **કેરમાન**—ઇરાનમાં કેરમાન ભાગમાં પરશ્યાની (I) ની નીચે સામી લીટીએ.

અફધાનિસ્તાનનાં શેહેર.

હેરાત—અફધાનિસ્તાનમાં અફધાનિસ્તાનના (A) ની ઉપર. **કાબુલ**—અફધાનિસ્તાનમાં કાબુલ ભાગમાં

ગિજનીની ઉપર. **ગિજની**—અફ્ઘાનિસ્તાનમાં કાબુલ ભાગમાં કાબુલની નીચે. **ફુશક**—અફ્ઘાનિસ્તાનમાં સેધસ્તાન ભાગમાં હેલમંડ નદીની ઉપર. **બલ્ખ**—અફ્ઘાનિસ્તાનના બલ્ખ ભાગમાં બલ્ખ નદી પર કુનદુઝની પશ્ચિમે. **જલાલાબાદ**—અફ્ઘાનિસ્તાનમાં કાબુલ ભાગમાં કાબુલની પૂર્વમાં. **કંદહાર**—અફ્ઘાનિસ્તાનના કંદહાર ભાગમાં અફ્ઘાનિસ્તાનના (N) ની નીચે. **કુનદુઝ**—અફ્ઘાનિસ્તાનના બલ્ખ ભાગમાં બલ્ખની પૂર્વમાં.

બલૂચિસ્તાનનાં શેહેરો.

ખિલાત—બલૂચિસ્તાનમાં બલુચિસ્તાનના (I) ની ઉપર. **સારાવાન**—બલૂચિસ્તાનના સારાવાન ભાગમાં ખિલાતની પશ્ચિમે. **ગંડાવા**—બલૂચિસ્તાનના સારાવાન ભાગમાં બલુચિસ્તાનની છેક પૂર્વે. **કજ**—બલૂચિસ્તાનના મેકરન ભાગમાં મેકરનના (A) ની નીચે. **મેકરન**—બલૂચિસ્તાનના મેકરન ભાગમાં કજની ઉપર. **ઝાલાવાન**—બલૂચિસ્તાનના મેકરન ભાગમાં ખિલાતની નીચે.

સ્વતંત્ર તાતારનાં શેહેર. અથવા પશ્ચિમ તુર્કસ્તાન.

ખિવા—સ્વતંત્ર તાતારમાં તુર્કસ્તાનના (R) ની ઉપર. **બોખારા**—સ્વતંત્ર તાતારમાં તુર્કસ્તાનનાં (S) ની નીચે. **ખોકન**—સ્વતંત્ર તાતારમાં તુર્કસ્તાનના (A) ની ઉપર. **કાર્સી**—સ્વતંત્ર તાતારમાં બોખારાની નીચે.

મર્વ—સ્વતંત્ર તાતારમાં મસ્કની પૂર્વમાં. **ન્યુ ઍારજે-નજ**—સ્વતંત્ર તાતારમાં ઓલ્ડ અરગેનજની પૂર્વે. **ઍાલ્ડ-ઍારગેનજ**—સ્વતંત્ર તાતારમાં ખિવા પર.

જાપાનનાં શેહેરો.

નાગાસાકી—જાપાનમાં કોરિઆની ખાડી નીચે. **મિયાકકો**—જાપાનમાં હોન્ડોના (H) ની પાસે. **યડડો**—જાપાનમાં ટોંકયોની પાસે.

તિબેટનાં શેહેર.

લે—તિબેટમાં હિમાલયના (H) ની ઉપર. **લાસા**—તિબેટમાં સાંપુ નદિ પર.

ચીનનાં શેહેરો.

પેકિન—ચીનમાં ૪૦ મી લીટી નીચે. **નાનકિન**—ચીનમાં ચાયનાના (A) ની ઉપર. **સાંગાય**—ચીનમાં યાંગસેકયાંગના મૂખ આગળ. **નિંગપો**—ચીનમાં ૩૦ મી લીટી પર. **એમોય**—ચીનમાં ફારમોસાની પશ્ચિમે. **કનતાન**—ચીનમાં હોંગકોંગના મૂખ આગળ. **પેહિચ્ચો**—ચીનમાં પેકિનની નીચે. **હોઆંગહો**—ચીનમાં એમપાયરની (E) ની નીચે. **યાંગસેકયાંગ**—ચીનમાં ચીનની નીચે. **કનતાન**—કનતાનની નીચે. **લુચુ**—ચીનમાં (૩૦) મી લીટી નીચે. **ફારમોઝા**—ચીનમાં (૨૩) મી લીટી પર. **હોંગકોંગ**—ચીનમાં (૨૦) મી લીટી પર. **મકાવ**—

